## ૬ જુલાઇ ૨૦૧૦ નિમિત્તે પુણ્ય-સ્મરણ

# એકમ્ એવ ધીરૂભાઇ અંબાણી

**- પરિમલ નથવાણી**

*અવિરત પ્રયત્નો, સખત મહેનત, ઘોર સંઘર્ષથી ધ્યેય પ્રાપ્તિઓને લીધે ધીરૂભાઇ અંબાણી સર્વકાલીન મહાનાયક તરીકે ઉપસ્યા. તેમણે અખૂટ એવી રાષ્ટ્રીય સંપત્તિઓ અને અસ્કયામતો ઊભી કરી. સાથે સાથે ભરપૂર નવીન મૂલ્યો ઊભાં કર્યાં. એક ઉદ્યોગપતિ તરીકે તેમણે વિશ્વ સમક્ષ એક એવું દ્રષ્ટાંત રજૂ કર્યું અને દર્શાવ્યું કે શેરહોલ્ડરો અને સાધારણ જનોની નજરે 'ભરોસાપાત્ર' હોવું તે શું વસ્તુ છે ! મહાત્મા ગાંધીએ કહ્યું હતું કે મારૂં જીવન એ જ મારો સંદેશ છે.*

*ધીરૂભાઇ અંબાણીનું જીવન પણ ઘણા લોકો માટે સંદેશ પ્રદાન કરનારૂં છે. તેમનું જીવન એક મશાલ ધારકનું જીવન છે. ઘણા લોકો માટે તેઓ એક આદર્શ પુરૂષ હોવા છતાં પણ ધીરૂભાઇ અંબાણીએ જાતે પોતાના નામે કોઇ 'વાદ' ચલાવવાનો ક્યારેય કોઇ પ્રચાર, પ્રસાર કે પ્રયાસ ન કર્યો. તેઓ નિરંતર પોતાના ઉદ્યોગ અને વ્યવસાયમાં એક પછી એક નવાં સોપાનો સર કરતા ગયા. રોબર્ટ ફ્રોસ્ટે કહ્યું હતું તેમ તેઓએ હંમેશાં કોઇએ અગાઉ ન ખેડ્યો હોય તેવો વણખેડ્યો માર્ગ પસંદ કર્યો અને તેમાંથી સલામત અને લાંબી મુસાફરીને યોગ્ય માર્ગ બનાવ્યો તથા લોકોને દર્શાવ્યો. એક સાચા કર્મયોગી તરીકે તેઓ કામમાંથી ક્યારેય નિવૃત્ત ન થયા. નિરંતર નિત નવું વિચારતા ગયા. તેઓ હંમેશાં કહેતા કે નવીન વિચારો કોઇની મોનોપોલી નથી. તેઓ નિષ્ફળતાથી કદી ડગી જતા નહિ. ગમે તેવા અવરોધોનો હિમ્મતપૂર્વક અને દ્રઢ નિર્ધારથી મુકાબલો કરતા; પણ ડરીને કોઇ વસ્તુ છોડી દેતા નહિ. આપણે કહીએ છીએ કે 'હિમ્મતે મર્દા તો મદદે ખુદા.' આ કહેણીને ધીરૂભાઇ જીવનભર અનુસર્યા અને જીવ્યા. હિમ્મતભેર. તેમને ઈશ્વરી મદદ મળતી ગઇ. કોઇ કામ માટે તેઓ 'ના' કદી ન ચલાવતા. બલ્કે તેઓ એ જાણવા પ્રયત્ન કરતા કે જે તે કામ કેવી રીતે થઇ શકે ?*

*ધીરૂભાઇ જીવનમાં જંપીને બેસી ન રહેતા. તેમના નામના અર્થથી વિપરીત તેઓ હંમેશાં એક અજંપામાં રહેતા. ઉતાવળમાં રહેતા. દુનિયાના દેશોની પ્રગતિની દોડમાં ભારત પાછળ રહે તે તેઓ જીરવી ન શકતા. તેમને દેશના લોકોની શક્તિમાં વિશ્વાસ હતો. તેઓ દેશને દુનિયાના ટોચના દેશોની યાદીમાં જોવા ઝંખતા. પોતાના વ્યવસાયના કાર્યક્ષેત્ર અને ઉત્પાદનોને તેમણે દુનિયાના ટોચના દેશોની યાદીમાં મૂક્યાં અને પોતાનું, પોતાની કંપનીનું*

*અને પોતાના દેશનું નામ રોશન કર્યું. આપણા દેશના ઔદ્યોગિક અર્થતંત્રનાં ઘણાં ક્ષેત્રોમાં તેમણે દેશને સ્વાવલંબી બનાવ્યો.*

*દેશમાં એક સમય એવો હતો જ્યારે સિન્થેટિક કાપડ, જાપાનનું 'એઈટી-ટ્વેન્ટી' તરીકે ઓળખાતું ૮૦ ટકા પોલિયેસ્ટર અને ૨૦ ટકા સુતરાઉ મિશ્રિત કપડું બહુ જૂજ લોકો ખરીદી શકતા. દેશમાં તે દાણચોરીથી આવતું. ધીરૂભાઈ અંબાણીએ દેશના જે તે વખતનાં ધારા-ધોરણોની મર્યાદામાં રહીને દેશને પોલિયેસ્ટર ક્ષેત્રે આત્મ-નિર્ભર બનાવ્યો; અને પર્યાપ્ત ઉત્પાદન ક્ષમતા ઊભી કરી. પેટ્રોરસાયણોના ક્ષેત્રમાં પણ તેમણે તેમ જ કર્યું. પોતાના વ્યવસાયનો વિકાસ તેમણે જે અદમ્ય સાહસ અને ઉત્સાહથી 'વર્ટિકલ બેકવર્ડ ઈન્ટિગ્રેશન' વ્યૂહરચના વડે કર્યો તેના પરિણામે દેશની 'ઊર્જા-સુરક્ષા' ક્ષેત્રે ધરખમ પરિવર્તન આવ્યું. તેમના કુશળ નેતૃત્વ હેઠળ મૂકેશભાઈ અંબાણીએ જામનગરમાં જે વિશાળ રિફાઈનરી ઊભી કરી તેને લીધે પેટ્રોલ, ડીઝલ, કેરોસીન, એલ.પી.જી. જેવાં બળતણોનાં ક્ષેત્રે આપણો દેશ જે મોટો આયાત કરતો દેશ હતો તે રાતોરાત આ બળતણોની નિકાસ કરતો દેશ બની ગયો. જેમણે મધ્ય-પૂર્વના ખાડીના દેશોના યુદ્ધ સમયની સિત્તેર અને એંસીના દાયકાની પેટ્રોલ-ડીઝલની સંકટની સ્થિતિઓ જોઈ છે તે લોકો દેશના ઊર્જા પરિદ્રશ્યમાં ધીરૂભાઈ અંબાણી અને જામનગર રિફાઈનરીના પ્રદાનને વધુ સારી રીતે સમજી શકે.*

*નેલ્પ હેઠળ તથા અન્ય રીતે દેશમાં તથા વિદેશોમાં ગેસ તેમજ તેલ ક્ષેત્રો હરાજીમાં મેળવીને ધીરૂભાઈ અંબાણીએ પોતાના જીવનકાળ દરમ્યાન જ પોતાની આર્ષદ્રષ્ટિનો જે પરચો આપણને બતાવ્યો તેને પ્રતાપે આજે આપણે દેશના પૂર્વ કિનારાના ગેસને દેશ ભરના ઉદ્યોગો સુધી અને ઘર ઘરમાં પહોંચાડવાની કલ્પનાને સાકાર કરી શકીએ છીએ. ધીરૂભાઈ જાતે એક સાધારણ પરિવારમાંથી આવતા હતા તેથી તેઓએ હંમેશાં એવા ઉપાયો અને ઉત્પાદનો, બજારો અને ઉદ્યોગો તેમજ અર્થતંત્રનાં ક્ષેત્રોમાં કામ કર્યું કે જેથી દેશના સાધારણ મનુષ્યના જીવનધોરણમાં સીધો સુધારો થઈ શકે.*

★ ★ ★

**(શ્રી પરિમલ નથવાણી રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના ગ્રુપ પ્રેસિડેન્ટ તથા રાજ્ય સભા સાંસદ છે.)**